## PRESS COVERAGE:

**PUBLICATION NAME: TARTAM (GUJARATI WEEKLY)**
**CITY: JAMNAGAR**
**DATE: 21-05-2018**
**PAGE NO. 03**
**TOTAL SQ. CM. 357**
**TITLE:** ***Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka***

# ટીબીના દર્દીઓને રોગમુકત કરવા ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ યોજાયો

WHO દ્વારા ભારતમાંથી ટીબીને ૨૦૩૫ સુધીમાં નાબુદ કરવાનો લક્ષ્યાંક આપેલ છે. જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૫ સુધીમાં ટીબી નાબુદીનો લક્ષ્યીક આપેલ છે. સરકાર દ્વારા દરેક જિલ્લામાં બે તાલુકાઓને ટીબી મુકત કરવા માટે નકકી કરવામાં આવેલ છે. જેમાં દેવભૂમિ દ્વારકામાં ભાણવડ અને કલ્યાનણપુર તાલુકા સૌ પ્રથમ ટીબી મુકત કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અલગ-અલગ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત તા.૧૫ના રોજ ખંભાળિયા ખાતે આહિર સમાજવાડી ખાતે એસ્સાર ઓઈલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ (ચોખા, મલ્ટીગ્રેના આટા, મુંગદાલ, ચીક પીસ ઓઈલ અને જેગ્રી) આપવા માટે ન્યુરટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ કલેકટર જે.આર. ડોડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અંદાજિત ૨૯૦ દર્દીઓને એક થી આઠ માસ માટે જરૂરી કીટ અંદાજિત રૂા.૯૯૫ની એસ્સાર ઓઈલ કંપનીના સીસઆર દ્વારા આપવાનું નકકી થયેલ છે. જેના માટે એસ્સાર ઓઈલ કંપની દ્વારા અંદાજે રૂા.૧૬ લાખ મળેલ છે.



**એસ્સાર ઓઈલ કંપની સીએસઆર ના સહયોગથી ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ અપાઈ**

આ તકે કલેકટરએ એસ્સાર ઓઈલ કંપનીનો આભાર માની જણાવ્યું કે આપણે જો પોલીયો મુકત ભારત બનાવી શકયા હોયે તો ટીબી મુકત કેમ ન બનાવી શકીએ. સરકારના પ્રયત્નો, એનજીઓનો સહયોગ અને લોકોની જાગૃત્તિથી આ શકય જ છે. ન્યુટ્રીશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાસે તથા દવા વધુ અસરકારક નિવડશે. તેમણે તમામ ઉપસ્થિત ટીબીના દર્દીઓને આનો વધુમાં વધુ લાભ લઈ તેનો સદઉપયોગ કરવા જણાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી રાવલે જણાવ્યું કે જનસેવા એજ પ્રભુ સેવા એવું શાસ્ત્રોમાં લખ્યું છે. ડોકટર જયારે દર્દીની સંવેદના સમજશે ત્યાએંરે જ સાચા અર્થમાં સેવા કરી શકશે. દર્દીઓ જયારે સારવાર લઈને પાછા જાય ત્યારે આશીર્વાદ આપતા જાય તેવી સારવાર કરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ધ યુનિયન, દિલ્હીના રીજયોનલ ડાયરેકટર ડો. જેમી તોન્સીંગે જણાવ્યું કે વિશ્વએ જે ટાર્ગેટ આપ્યો છે એનાથી પાંચ વર્ષ પહેલા આપણે ટીબીને નાબુદ કરીશું. ન્યુટ્રીશન દર્દી માટે બહુ સારી વસ્તુ છે. સરકારના આ કાર્યમાં એનજીઓનો સહકાર મળી રહે તો ટીબી નાબુદ કરવી અશક્ય નથી. સ્ટેટ ટીબી ટ્રેનીંગ સેન્ટર અમદાવાદના ડો. જીજ્ઞેશ પટેલે કહયું કે એપ્રિલ-૨૦૧૮ થી સરકાર દ્વારા ટીબીના દરેક દર્દીને રૂા.૫૦૦ લેખે જયાં સુધી દવા ચાલુ હોય ત્યાંબ સુધી આપવામાં આવે છે. ઘણા દર્દીઓએ આ સહાયનો લાભ લીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાને ટીબીના દર્દની તપાસ માટે સીબીનાટ વાન મળેલ હતી. જેમાં ફકત બે જ કલાકમાં ટીબી છે કે નહી અને ગંભીર પ્રકારનો ટીબી છે કે નહી તે સ્થળ પર જ નકકી થઈ જાય છે. જેમાં જિલ્લામાં ટોટલ ૩૩ વ્યકિતઓની તપાસ કરવામાં આવી અને તેમાં ૬ કેસો પોઝીટીવ આવેલ છે અને આ ૬ પૈકી ૧ ગંભીર પ્રકારનો ટીબીનો દર્દી મળેલ છે.

મહાનુભાવોના હસ્તે ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વીએચ એન્ડન વીએચ હાઈસ્કુલની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વચ્છતા અંગેનું નાટક રજુ કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન તેમજ આભાર વિધી જિલ્લા ક્ષય અધિકારી પીઠડીયાએ કરી હતી. આ કાર્યક્રમમાં એસ્સાર ઓઈલમાંથી દિપક અરોરા, અવધેશ પાઠક, દિપેન્દ્રતસીંગ પરીહાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સીંગ, જનરલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ જોશી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા ટીબીના દર્દીઓ ઉપસ્થિત હતા.